# વેબિનાર દ્વારા ગાંધીનગર સાહિત્યસભા કારોબારી બેઠકમાં કાર્યક્રમોનું આયોજન

**ગાંધીનગર સાહિત્યસભામાં ત્રણ કવિ, ત્રણ વાર્તાકાર, ત્રણ કટાર લેખક અને ત્રણ પ્રાધ્યાપક સાથે વરિષ્ઠ અને યુવાનો સાથેની કારોબારીનું અનોખું સંયોજન**

ગાંધીનગર, ૨

ગાંધીનગર સાહિત્યસભા કોરોના મહામારી અને લોકડાઉન પરિસ્થિતિના કારણે એમની કારોબારીની પ્રથમ બેઠક વેબિનાર દ્વારા આયોજિત કરવામાં આવી હતી. નવનિયુક્ત અધ્યક્ષ શ્રી સંજય થોરાતે નવીન કારોબારી નામોની જાહેરાત સાથે હોદ્દેદારોની સર્વાનુમતે નિમણૂક કરી હતી.

ગાંધીનગર સાહિત્ય સભાના સલાહકાર તરીકે જાણીતા ગઝલકાર કવિ કિશોર જિકાદરા, કવિ પ્રતાપસિંહ ડાભી, કવિ રમણ વાઘેલા, આકાશવાણીનાં એન્કર અને ગાંધીનગર સમાચારના દિશા પોપટની વરણી કરવામાં આવી હતી.




ગાંધીનગર સાહિત્ય ઉપાધ્યક્ષ તરીકે જાણીતા વાર્તાકાર કલ્પેશ પટેલ અને મહામંત્રી તરીકે મહિસાગર જિલ્લાના નિવાસી અધિક કલેકટર અને જાણીતા લેખક શ્રી રમેશ ઠક્કર અને કોષાધ્યક્ષ તરીકે શ્રી મહેન્દ્રભાઈ રાઠોડની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

અન્ય કારોબારી સભ્યોમાં કટારલેખિકા નેહલ ગઢવી, જાણીતા ધારાશાસ્ત્રી અને ગાંધીનગર સમાચારના કટાર લેખક અશ્વિન ત્રિવેદી. ગુરૂકુળ અધ્યાપન સંસ્થાના ડાયરેકટર શ્રી ઉમંગ વસાણી, કડી સર્વ વિશ્વ વિદ્યાલયના બી. એડ. કોલેજના સહાયક અધ્યાપક શ્રી અજય રાવલ અને ચૌધરી મહિલા કોલેજના સહાયક અધ્યાપક શ્રી ડૉ. સભામાં ત્રણ કવિ, ત્રણ વાર્તાકાર, ત્રણ કટાર લેખક અને ત્રણ પ્રાધ્યાપક સાથે વરિષ્ઠ અને યુવાનો સાથેની કારોબારીનું અનોખું સંયોજન થયું છે. આવનાર સમયમાં સાહિત્યના વૈવિધ્યસભર કાર્યક્રમો યોજાશે એવો સંકલ્પ નવગઠિત કારોબારીએ વ્યક્ત કર્યો હતો.

## યશસ્વી સર્જક ડૉ. કેશુભાઈ દેસાઈ ૭૨માં વર્ષમાં પ્રવેશે છે



મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨

ગાંધીનગર, તા. ૨

મૂર્ધન્ય નવલકથાકાર - વાર્તાકાર અને સમાજચિંતક ડૉ. કેશુભાઈ દેસાઈ તા. ૩ મે, ૨૦૨૦ના દિવસે બોત્તેરના વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. સૌથી વધુ પુસ્તકોના આ મેધાવી સર્જકે લોકડાઉન સમય દરમિયાન 'કોરોના કાંડ' શીર્ષક હેઠળ આખી એક નવલકથાનું સર્જન કરી ગુજરાતી સાહિત્યક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કર્યું છે.

## ઈન્સ્ટિટ્યૂટ એડવાન્સ્ડ રિસર્ચ દ્વારા કોરોના-કોવિડ ૧૯ની મહામારીના લોકડાઉનના સમયમાં વિવિધ વિષય પર વેબીનાર યોજવામાં આવ્યો

ગાંધીનગર, ૨

ઈન્સ્ટિટ્યૂટ એડવાન્સ્ડ રિસર્ચ દ્વારા લોકડાઉનના સમયમાં વિધ્યાર્થીઓ માટે વિવિધ વિષયો પર વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનાર યોજવાનો હેતુ વિધ્યાર્થીઓમાં નવુ નવુ શિખવાની જીગ્યાશા વધારવાનો હતો. આ વેબીનારમાં પુરા ભારતના સાઈન્સ ને લગતા વિધ્યાર્થીઓ જોડાયા હતા. પહેલો વેબીનાર જે ડો. આલોક પંડ્યા દ્વારા યોજવામાં આવ્યો હતો તેનો વિષય " Improtance of rapid point-of-care diagnostics testing in the Pandemic environment " નો હતો જ્યારે બીજો વેબીનાર ડો. ધવલ પટેલ દ્વારા "COVID-19 and Drug Development From druggble proteins to drug repurposing" આ બન્ને વેબીનારમાં સમગ્ર ભારત માંથી વિધ્યાર્થીઓ ઉત્સાહ પુર્વક જોડાયા હતા અને ઈન્સ્ટિટ્યૂટ એડવાન્સ્ડ રિસર્ચ દ્વારા યોજાયેલ વેબીનારમાં મહત્વની માહિતી મેળવી હતી.

ઈન્સ્ટિટ્યૂટ એડવાન્સ્ડ રિસર્ચ (IAR) એ નવીન આધુનિક યુનિવર્સિટી છે, જે વ્યવસાયિક રીતે કેન્દ્રિત અંડરગ્રેજ્યુએટ, અનુસ્નાતક અને સંશોધન ડિગ્રી પ્રોગ્રામ્સ પ્રદાન કરે છે. આઈઆઈઆરની સ્થાપના ૨૦૦૬ માં ભારતના રાષ્ટ્રપતિ શ્રી એ પી જે અબ્દુલ કલામ, સંસ્થાના ઉદ્ઘાટન કરનાર અને વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, જે તે સમયે ગુજરાતના મુખ્ય પ્રધાન હતા તેના ટેકાથી કરવામાં આવી હતી. યુનિવર્સિટીને ભારતની પુરી ફાઉન્ડેશન ફોર એજ્યુકેશન દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે, જેની સ્થાપના પ્રોફેસર નાથુ રામ પુરીએ કરી છે, જે યુકેમાં અગ્રણી ઉદ્યોગપતિ છે જે વિશ્વભરમાં મેન્યુફેક્ચરિંગ અને અન્ય વ્યવસાયો સાથે યુકેમાં છે. યુનિવર્સિટી એ નફાકારક નથી અને તેનો એકમાત્ર હેતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે યુવા લોકો માટે વિશ્વની અગ્રણી શિક્ષણ, સંશોધન અને નવીનતાને પ્રોત્સાહન આપવાનો છે.



**સલામ છે...**

કેતનકુમાર એન ભટ્ટ નામનાં દર્દીને તાત્કાલિક ઓપરેશન કરવાનું થવાથી રક્તની ખૂબ જ જરૂરી પડી હતી. જેથી સમાચાર મળતા ગાંધીનગર જિલ્લા રેડક્રોસનાં સેક્રેટરી હિતેષ રાવલ અને પિનાકીનભાઈ ગોસ્વામીએ ક્ષણનો ય વિચાર કર્યા વગર રક્ત આપવા પહોંચી જઈ કિંમતી માનવ જિંદગી બચાવી હતી. તેમને સલામ છે...

# બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ એન્ડ વોકેશનલ કોર્સીસમાં ઓનલાઈન વેબિનાર

ગાંધીનગર, ૨

લોકડાઉન સમયમાં વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને દરરોજ ઓનલાઈન લેક્ચર લેવાય છે પરંતુ તા. ૨ મે ૨૦૨૦ ના રોજ સ્પેશ્યલ લેક્ચરર તરીકે ચિન્મય જોશી (રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ મેનેજર) એ 'બાયો ફર્ટિલાઈઝર પ્રોડકશન' વિષય પર વેબિનાર આપ્યો જેમાં બી.એસ.સી અને એમ.એલ. ટી.ના ૫૫ વિદ્યાર્થીઓ, ૭ કોલેજના અને ૫ અલગ અલગ યુનિવર્સીટીના વિષય અધ્યાપકો જોડાયા વેબિનારની સફળતા બદલ ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા અને ભરતસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેકટર ડો.રવિકુમાર અને પ્રિન્સિપાલ ડો.ઉમંગકુમાર પંડયા એ અભિનંદન પાઠવ્યા હતા.






તા.૧ લી મે નિમિતે આંતરરાષ્ટ્રીય શ્રમિક દિન તથા ગુજરાત સ્થાપના દિવસના રોજ ગુજરાત રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં જેમનો સિંહફાળો રહેલો છે એવા પાયાના પથ્થર સમાન શ્રમયોગીઓને કોરોના મહામારીના આ કપરા સમયમાં ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા માસ્કનું વિતરણ કરાયું હતું.

# લીંબોદરા સેવા સમાજ દ્વારા ગામના જરૂરિયાતમંદોને કીટનું વિતરણ



ગાંધીનગર, તા. ૨

લીંબોદરા ગામના નિરાધાર તથા ગરીબ પરપ્રાંતીય શ્રમિકોને કોરોના મહામારીનાં કારણે આવી પડેલ મુશ્કેલીમાં લીંબોદરા સેવા સમાજ દ્વારા ૧૫ કિ.ગ્રા.નાં અનાજ કીટનું વિતરણ કર્યું હતું.

પુનિતધામનાં પ.પૂ. આદરણીય પ્રસન્ન કીર્તિ મહારાજ સાહેબ તથા લીંબોદરા સેવા સમાજનાં સહયોગથી નિવૃત્ત પ્રિન્સિપાલ જજ આઈ.બી. વાઘેલા તથા લીંબોદરા સેવા સમાજના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલાનાં હસ્તે જરૂરિયાતમંદોને અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



પરમજીત કૌર છાબડા
નિયામક, અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ
ઉપપ્રમુખ, ગાંધીનગર ભાજપ



મનોરમાબેન ઠક્કર
મો. ૯૯૨૪૦ ૦૪૨૭૦
ભૂતપૂર્વ પ્રમુખ જલારામ મહિલા મંડળ



ગર્વ જશુભાઈ પટેલ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮



સાગર હરીશ કલવાણી
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨



સાહિલ હરીશ કલવાણી
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨



શિવાંગ છાયા ત્રિવેદી
મો. ૯૭૨૪૩ ૧૭૩૫૮



કડિયા દિનેશકુમાર એ
રેડક્રોસ



લીંબાચીયા રમેશભાઈ આર
રેડક્રોસ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# ફાયર એન્જીનિયરીંગ કરવા માટે શું કરવું? નોકરીના શું વિકલ્પો હોય છે




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner

**૧.ફાયર એન્જીનિયરીંગ કરવા માટે શું કરવું?તે કર્યા બાદ નોકરીના શું વિકલ્પો હોય છે.**
**ચિંતન પટેલ, ગાંધીનગર**

આપે ખૂબ જ સરસ અને ઉપયોગી પ્રશ્ન કરેલ છે.આજના વિદ્યાર્થીઓમાં આ વિષય વિષે ઘણી ઓછી માહિતી હોય છે. ફાયર એન્જિનિયરિંગની વાત કરીએ તો એ એક મુશ્કેલ સાથે સાથે જરૂરી અને અને આપની મહેનત માંગી લેનાર ક્ષેત્રોમાંનું એક છે જે આગની સાથે જોડાયેલ છે. તે એક જોખમરૂપ તો છે જ પણ આપની પૂરી યોગ્યતા તપાસનાર વ્યવસાય છે જેને જાહેર સેવાઓ માટે પ્રતિબદ્ધતાની તીવ્ર સમજની જરૂર છે. તે આગના પ્રકોપથી તમામ જીવંત પ્રાણીઓ અને ઈમારતોની સુરક્ષા સાથે સંબંધિત છે. ફાયર એન્જિનિયરને બને તેટલી ઝડપથી બદલાવને અનુકૂળ થવું પડે છે. ફાયર એન્જિનિયરિંગમાં વ્યકિતને આપાતકાલીન ક્ષેત્ર માં કેવી રીતે



કામ કરવું,ઝડપી નિર્ણય કેવી રીતે લેવા અને સલામતી માપદંડ પૂરા પાડીને અને જીવનધોરણના પરિમાણો ને નજર માં રાખી ને નિર્ણય લેવાની શક્તિ પ્રદાન કરે છે. તે કોઈને અગ્નિની ઘટના અને તેના પ્રભાવને સમજવામાં મદદ કરે છે. આ માટે કરુરી માનસિક યોગ્યતાની વાત કરીએ તો સારી વાતચીત કુશળતા, સંસ્થાનોની ક્ષમતા પરિસ્થિતિઓના મૂલ્યાંકનમાં કુશળતા, ઝડપી નિર્ણયો લેવા અને સમસ્યાઓ હલ કરવા, નેતૃત્વની ગુણવત્તા અને તે જ સમયે ટીમના સભ્ય તરીકે કાર્યરત જેવી લાયકાત હોવી આવશ્યક છે. અન્ય ગુણોમાં કોઈપણ સંજોગોમાં સમસ્યાનો સામનો કરવા માટે શારીરિક ચપળતા અને માનસિક કુશળતા બંને શામેલ છે.શૈક્ષણિક લાયકાતની વાત કરીએ તો આપે ફાયરએન્જીનિયરીંગ માં પ્રવેશ માટે બી.એસ.સી ફિઝીક્સ અને કેમેસ્ટ્રી સાથે તથા ફાયર સેફ્ટી કોલેજ માં ફાયર એંજિનિયરની ડિગ્રી મેળવીને પ્રવેશ મેળવી શકો છો તથા આપ આ ક્ષેત્ર માં ડિપ્લોમા કરીને પણ આગળ વધી શકો છો.આ ક્ષેત્ર માં શારીરિક લાયકાત જેમ કે જરરી ઊંચાઈ,વજન, છાતી પણ જરૂરી પાસું છે જે આપે ધ્યાન રાખવા લાયક બાબત છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૨. અંગ્રેજી કન્ટેન્ટ રાઇટરનું કામ શું હોય છે ?લાયકાત વિષે માહિતી આપવા વિનંતી.**
**ચેતના જોષી, ગાંધીનગર**

અંગ્રેજી કન્ટેન્ટ રાઈટરના કામ ની વાત કરીએ તો વિવિધ વેબ પોર્ટલ્સ માટે વેબસાઈટ કન્ટેન્ટનું સંચાલન કરવાની જવાબદારી, કન્ટેન્ટ અને વિશેષ લેખને અપડેટ કરવા માટે નિયમિત રિસર્ચ અને વાંચન. કન્ટેન્ટનું પ્રૂફ રિડિંગ અને એડિટિંગ , મૂળ કન્ટેન્ટ તૈયાર કરવું/ફરી લખવું, વિવિધ ડિલિવરી પ્લેટફોર્મ્સ માટે કન્ટેન્ટ અલગ અલગ પ્રકારે તૈયાર કરવું , કન્ટેન્ટની જાળવણી અને નવું કન્ટેન્ટ તૈયાર કરવું પ્રેસ રિલિઝ, કન્ટેન્ટ એકત્ર કરવું, સેવાઓનું વિવરણ વગેરે સહિતની કામગીરીની જરૂરિયાત પ્રમાણે બહારની એજન્સીઓ સાથે સંપર્કમાં લઈને કામ લેવું. પ્રોજેક્ટની જરૂરિયાત પ્રમાણે કન્ટેન્ટમાં રિસર્ચ, રૂપાંતરણ અને જાળવણી કરવી તેમજ ડેટા રેકોર્ડ્સ રાખવા, ગુણવત્તા જળવાઈ રહે તે રીતે સમયસર કન્ટેન્ટને વેબસાઈટ પર મુકવું અથવા જવાબદાર ટીમ સાથે ગુણવત્તાના માપદંડો જળવાય તે રીતે તાલમેલ બેસાડીને કન્ટેન્ટ તૈયાર કરવું તથા વેબસાઈટ પર મુકવામાં આવેલા કન્ટેન્ટની લિન્કની ગુણવત્તા અને ઉપલબ્ધતાની ખાતરી કરવી વગેરે કામ આપ ને આપવામાં આવી શકે છે. લાયકાત ની વાત કરીએ તો સ્નાતક/અનુસ્નાતક (અંગ્રેજી ભાષા/સાહિત્ય અથવા કમ્યુનિકેશન્સ/પત્રકારત્વને પ્રાધાન્ય) આવશ્યક, લેખન, એડિટિંગ અને લેખિત તેમજ મૌખિક કમ્યુનિકેશનમાં ખૂબ સારી



અભિવ્યક્તિની આવડત – અંગ્રેજીમાં તેમજ હિન્દી(પ્રાધાન્ય)માં હોવી જરૂરી છે. પ્રિન્ટ અને જાહેરખબર ક્ષેત્રમાં કામ કર્યું હોય તો પ્રાધાન્યતા આપવામાં આવે છે. એમબીએ/ જર્નાલિઝમનો અભ્યાસ કર્યો હોય તેવા ઉમેદવારને પહેલી પસંદગી આપવામાં આવે છે.જરૂરિયાત પ્રમાણે ટીમનું નેતૃત્વ અને સંચાલન કરવાની ક્ષમતા હોવી જરૂરી.સારું જ્ઞાન અને બહોળું વાંચન હોવું પણ જરૂરી પાસા માં સમાવેશ પામે છે.આમ આપ આ જરૂરી પાસાનો અભ્યાસ કરી ને પ્રવેશ મેળવી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૩. મે ૧૨ આર્ટ્સની પરીક્ષા આપી છે.હવે મારા માટે આગળ વધવાના કયા વિકલ્પો રહેલા છે? માહિતી આપશો.**
**નિલેષ પરમાર, દાહોદ**

નિલેષ, ધોરણ ૧૨ આર્ટ્સ પછી ઘણા વિકલ્પ આપના માટે છે.પણ આપણે મહત્વ ના વિકલ્પો વિષે વાત કરીએ તો ૧૨ આર્ટ્સ પછી બી.એ. કરી શકો છો.એમાં પણ આપ આપના મનપસંદ ક્ષેત્ર જેવા કે સંગીત,પરફોર્મિંગ આર્ટસ, સાહિત્ય વિગેરેમાં પ્રભુત્વ મેળવી શકો છો. ત્યાર બાદ એમ.એ કરી શકો છો.બીજો મહ્ત્વનો વિકલ્પ વિચારીએ તો બી.એ – એલ.એલ.બી સાથે પાંચ વર્ષનો કોર્સ કરી શકો છો.જે આપ એન.એલ.યુ એટ્લે કે નેશનલ લૉ યુનિવર્સિટી જેવી પ્રતિષ્ઠત યુનિવર્સિટીમાંથી કરી શકો છો. તે માટે આપ સી.એલ.એ.ટી પ્રવેશ પરીક્ષા આપી શકો છો.અન્ય વિકલ્પ ની વાત કરીએ તો માસ કોમ્યુનિકેશન , જર્નલિસ્મ અથવા મિડિયામાં પણ જઈ શકો છો.જે માટે આપ દિલ્લી યુનિવર્સિટી અથવા સેંટ ઝેવિયર્સ, મુંબઈ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી પણ કરી શકો છો. તેમાં પ્રવેશ લેવા માટે પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. હોટલ મેનેજમેંટ પણ એક સારો વિકલ્પ બની શકે છે જો આપ એ ક્ષેત્ર માં જવા માંગતા હોય તો. એ માટે આપ એન.સી.એચ.એમ.સી.ટી.જે.ઈ.ઈ ની પરીક્ષા આપી આઇ.એચ.એમ જેવી પ્રતિષ્ઠત સંસ્થામાં પણ એડ્મીશન લઈ શકો છો.આ સિવાય અન્ય એક વિકલ્પ તરફ છે લિબરલ સ્ટડીઝ જે તમે એફ.એલ.એ.એમ.ઈ અને



ગાંધીનગર સ્થિત પી.ડી.પી.યુ જેવી પ્રતિષ્ઠત સંસ્થામાંથી પણ કરી શકો છો. લિબરલ સ્ટડીઝ જો પ્રતિષ્ઠિત કોલેજમાંથી કરવું હોય તો આપને પ્રવેશ પરીક્ષા આપવી પડશે. જણાવેલા વિકલ્પો ઉપરાંત પણ ઘણા વિકલ્પ છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

ઈમેલ:questions.careercorner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner